RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-06
June-2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# સ્પીડી ટ્રાયલ – સમયની માંગ

ચાવડા પ્રભા સામતભાઈ

*એલએલ.એમ. વિદ્યાર્થી, પી.એચડી. (કાયદાશાસ્ત્ર) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 10 June 2019

**Keywords**
ન્યાયિક, અધિકાર, સ્પીડી ટ્રાયલ

*Corresponding Author
*Email: prabha.chavda@gmail.com*

**ABSTRACT**

ઝડપી ન્યાયિક પ્રક્રિયાનો અધિકાર એ હકિકત અથવા કાલ્પનિક નથી, પરંતુ બંધારણીય વાસ્તવિકતા છે, અને તેને યોગ્ય આદર આપવો જ પડશે. અદાલતો અને વિધાનસભાએ અદાલતો પર વધતા જતા વર્કલોડને ઘટાડવાના એક માધ્યમ તરીકે પહેલેથી જ સ્વીકાર્યુ છે. ઝડપી ન્યાયિક કાર્યવાહી નો અધિકાર એ સુનિશ્ચિત કરે છે કે ચોકકસ સમય મર્યાદામાં રહી ને પિડીત પક્ષકારને ઝડપથી ન્યાય મળવો જોઈએ.

ફોજદારી ન્યાય પ્રક્રિયામાં વારંવાર વિલંબ થતો હોવાથી પીડિતોને ભાવનાત્મક, માનસિક , શારિરીક તથા આર્થિક આઘાત પહોચતો હોય છે, તેને ઝડપી ન્યાયિક પ્રક્રિયા ધ્વારા અટકાવી શકાય છે.

**પરીચય:–**

આપણા દેશના શાસનમાં મુખ્ય ત્રણ આયામો છે. ૧. સંસદ ૨. વહીવટીતંત્ર ૩. ન્યાયતંત્ર. સંસદ કે જે કાયદો બનાવે છે, અને વહીહટી તંત્ર તેને યોગ્ય રીતે અમલ માં મુકે છે, જયારે ન્યાયતંત્ર તેને વ્યવહારુ રૂપે જીવન સાથે જોડે છે.

જે રીતે સમાજનો વિકાસ થયો તે રીતે ન્યાયતંત્ર ઝડપી વિકાસ કરી શકયુ નથી, જેમના કારણે ઘણા બધા કેશો આજે પણ કોર્ટ માં પેન્ડિગ પડયા છે. ન્યાયિક વિલબિંતતા એ એક મોટો પ્રશ્ન છે.

ઝડપી ન્યાયાનો ઉપયોગ સૌપ્રથમ ઈંગ્લીશ કાયદાના આધારસ્તંભ દસ્તાવેજ મેગ્નાકાર્ટામાં થયો હતો, જયારે બંધારણીય રીતે ભારતમાં ઝડપી ન્યાયનો વિકાસ છેલ્લા અઢી દાયકામાં થયો છે, પણ અહી પણ જોઈએ તેવી સફળતા મળેલ નથી. ઝડપી ન્યાયનો મુખ્ય હેતુ ઝડપથી કેશો નિકાલ કરી ને ન્યાયતંત્રને વધુ અસરકારક બનાવી અને પ્રજાનો વિશ્વાસ જીતવાનો હતો. ભારતીય બંધારણની અનુચ્છેદ ૨૧ એવુ જણાવે છે કે " કોઈપણ વ્યકિતના જીવન કે જીવન જીવવાની સ્વતંત્રતાને કે વ્યકિતગત સ્વતંત્રતાને કાયદાની પ્રસ્થાપિત કાર્યવાહી સિવાય છિનવી શકાશે નહી.

**બાબુસિંગ વિરુધ્ધ ઉતરપ્રદેશના કેસમાં જસ્ટિસ ક્રિશ્ના ઐયરે જણાવ્યુ** કે , આપણી ન્યાય પધ્ધતિ એટલી ધીમી ગતીએ ચાલે છે કે પીડાય છે કે ન્યાયનો હેતુજ માર્યો જાય છે. સમાજના અસ્તિત્વની સાથે જ ઝડપી ન્યાયએ સામાજિક ન્યાયનો મુળ ઘટક રહયો છે. સમગ્ર રીતે જોતા ખ્યાલ આવે છે કે ગુનેગારને યોગ્ય સમયમાં યથાયોગ્ય અને વ્યાજબી રીતે સજા આપવી જોઈએ અને નિર્દોષને અતિશય કાનુની પ્રક્રિયામાં પડયા સિવાય નિર્દોષ જાહેર કરવા જોઈએ.

**ઝડપી ન્યાયિક પ્રક્રિયાનો અધિકાર:–**

ભારતીય ન્યાયિક પ્રક્રિયાની અંદર ન્યાયિક વિલંબતતાના કારણે પક્ષકારોને ન્યાય મેળવવામાં વધુ સમય લાગતો હતો. ઘણા કિસ્સાઓમાં ન્યાયિક વિલંબિતતાના કારણે પક્ષકારો અવસાન પામતા હતા પરંતુ ન્યાય મળતો હતો નહી. **હુસૈનરા ખાતુન વિરુધ્ધ સ્ટેટ ઓફ બિહારના** કેસમાં ૧૧વર્ષ થી કોઈપણ જાતની ન્યાયિક પ્રક્રિયાની કાર્યવાહી ચાલ્યા વિના જેલમાં રહયો હતો , જે ભારતીય બંધારણની અનુચ્છેદ ૨૧ નો ભંગ થતો હતો. આ કેસ માં ખુબજ અગત્યનો ચુકાદો આપી આ વિષયને સ્પર્શતી આચાર સંહિતા દશાવી હતી. હુસેનઆરા ખાતુનના ચુકાદામાં ઝડપી ન્યાયના અધિકારને ફોજદારી કાયવાહીનુ મુખ્ય લક્ષ્ય ગાણાવ્યુ હતું. સર્વોચ્ચ અદાલતે આ કેસમાં **Justice delayed is Justice denied** "વિલંબિત ન્યાય તે ન્યાયની નકરામણી છે." તે સિધ્ધાંતને મુર્તિમંત કરતા ઠરાવ્યુ હતુ કે, ન્યાયના વિતરણને ઝડપથી ચલાવામાં અક્ષમ કાર્યવાહીને વાજબી , યોગ્ય અને ન્યાયિક કાર્યવાહી ગણી શકાય નહી. સર્વોચ્ચ અદાલતે બિહાર સરકારને તમામ કાચા કામના કેદીઓને જાત મુચરકા પર છોડવાનો આદેશ આપ્યો હતો. દરેક વ્યકિતને ગૌરવ પુર્ણ અને સ્વાસ્થય પુર્ણ જીવન જીવવાનો અધિકાર ભારતીય બંધારણની અનુચ્છેદ ૨૧ અંર્તગત આપવામાં આવ્યો છે. ન્યાયિક વિલંબિતતાના કારણે જીવન જીવવવાના કે સ્વતંત્રતાના અધિકારનુ કાયદાથી પ્રસ્થાપિત કાર્યવાહી સિવાય મુળભુત અધિકારોનું હન્નન કરી શકાય નહી તેવુ પ્રસ્થાપિત થયુ, આ કેસથી ઝડપી ન્યાયનો વિકાસ થયો તેવુ કહેવુ પણ અયોગ્ય નથી.

RRIJM 2015, All Rights Reserved

**કતાર સિંહ વિરુધ્ધ પંજાબ રાજયના** કેસ માં જાહેર કરવામાં આવ્યુ હતુ કે ઝડપી સુનવણી માટે નો અધિકાર એ મુળભુત અધિકાર જીવન અને સ્વાતંત્રય માટે એક આવશયક ભાગ છે.

**અબ્દુલ રહેમાન એન્ટુલયે વિરુધ્ધ આર. નાયક** ના કિસ્સામાં ઝડપી સુનવણી અને કેસના દિશાનિર્દેશ જાહેર કયા હતા જે કેસની પ્રકૃતિ પર આધારિત હોવુ જોઈએ.

**શિલા બોર્સ વિરુધ્ધ ભારત સંઘ** ના કેસ મા કોર્ટ સ્પષ્ટતા કરી હતી કે ઝડપી સુનવણીએ મુળભુત અધિકાર હોઈ શકે છે. ઝડપી સુનવણી કરવાનો અધિકારએ એક ખ્યાલ છે. જે દિવસે દિવસે ઓળખ અને મહત્વ મેળવે છે.

**ઝડપી ન્યાયિક પ્રક્રિયાનો ઉદેશય:–**

ઝડપી ન્યાયિક પ્રક્રિયા નો મુખ્ય ઉદેશય નિર્દોષોને સજા માથી બચાવવાનો છે, પરંતુ ભારતની ન્યાયિક પ્રક્રિયામાં ન્યાયિક વિલંબિતતાના કારણે કેસોનો ભરાવો વધતો જાય છે,આર્થિક અને માનસિક દબાણ બનાવે છે. પક્ષકારોને ઝડપથી ન્યાય મળે તે માટે વખતો વખત સર્વોચ્ચ ન્યાયલય અને ઉચ્ચ ન્યાયલયો ધ્વારા પગલા લેવામાં આવે છે. જેમ કે અનુચ્છેદ ૩૯એ હેઠળ મફત કાનુની સહાય આ ઉપરાંત જિલ્લા અને તાલુકા સ્તર લોક અદાલતની રચના કરવામાં આવેલ છે. આ ઉપરાંત દિવાની કાર્યવાહી સંહિતાની કલમ ૮૯ ના અનુસંધાને જે ચાર વૈકલ્પિક વિવાદ નિવારણ પધ્ધતિઓ (ADR) કાયદામાં અમલ છે, જેમાથી એક મિડિયેશન ની પ્રક્રિયનો સમાવેશ થાય છે. ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળ ધ્વારા મિડિયેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. સર્વોચ્ચ ન્યાયલય અને ઉચ્ચ ન્યાયલયો ધ્વારા વખતો વખત જે પગલાઓ લેવામાં આવે છે તેનો મુખ્ય કારણ પક્ષકારોને વિના વિલંબે ન્યાય મળે આ ઉપરાંત પક્ષકારોને માનસિક અને શારિરીક શાંતિ નો ભંગ થતા અટકે, સમય બરબાદ થતા અટકાવી શકાય અને આર્થિક રીતે પણ ફાયદો થાય એ મુખ્ય ઉદેશય છે કારણકે Justice Delayed is Justice Denied ( વિલંબ થી મળેલો ન્યાય એ ન્યાય ન મળવા બરાબર છે કે એ ન્યાયનો કોઈજ અર્થ સરતો નથી).

**તારણો અને સુચનો :–**

1) જયારે કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવે છે ત્યારે કેસની પ્રાથમિક સુનવણી કરવામાં આવે જેથી ભવિષ્યમાં હકુમત અંગેના પ્રશ્નો ના સર્જાય અને ઝડપથી કેસોનો નિકાલ કરી શકાય.
2) કોર્ટોની અંદર જે વેકેશનનો સમય ગાળો છે તે સમય ગાળો ઘટાળી દેવામાં આવે જેથી ન્યાયિક કાર્યવાહી થતી રહે અને ઝડપથી કેસોનો નિકાલ થાય.
3) નવી કોર્ટની રચના કરવામાં આવે કારણકે ભારતની વસ્તીની દ્રષ્ટિએ કોર્ટની સંખ્યા ઓછી છે.
4) કોર્ટોમાં સ્ટાફની સંખ્યા પુરતી નથી તેથી કોર્ટોમાં સ્ટાફની ભરતી કરવામાં આવે જેથી ન્યાયિક પ્રક્રિયા ઝડપી બની શકે.
5) શાળાઓમાં ધો. ૯ થી ૧૨ માં કાયદાને એક વિષય તરીકે અભ્યાસમાં સમાવવામાં આવે જેથી તે કાયદાનું મહત્વ સમજે જેનાથી ગુન્હાનુ પ્રમાણ ઘટાણી શકાય.
6) સાંજ કોર્ટની રચના કરવામાં આવે.

**સંદર્ભ સુચિ:–**

૧) ભારતીય સવિધાનનો કાયદો. વિપુલ આર. દેસાઈ. શ્રી.જી.લો. હાઉસ.